eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 164
October 10, 2008

## સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ ઝોનમાં કોસાડ ખાતે ૮૩ એમ. એલ. ડી. તેમજ મોટા વરાછા ખાતે ૧૧ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ ઝોનમાં કોસાડ ખાતે ૮૩ એમ. એલ. ડી. તેમજ મોટા વરાછા ખાતે ૧૧ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ આજ રોજ તા.૦૫–૧૦–૨૦૦૮ રવિવારે સવારે અનુક્રમે ૦૯.૩૦ તેમજ ૧૦.૩૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ના પ્રમુખપદે તથા મા. અધ્યક્ષશ્રી જીગીશભાઈ દવે, મા. અધ્યક્ષ, ગટરસમિતિના વરદહસ્તે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૭–૧૦–૨૦૦૮ ના રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના તમામ ઝોનમાં વિજયાદશમીના શુભઅવસરે વિકાસલક્ષી કામો પ્રત્યે સુરત મહાનગરપાલિકાની પ્રતિબધ્ધતાના પ્રતિકરૂપે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના તમામ ઝોનમાં વિજયાદશમીના શુભઅવસરે વિકાસલક્ષી કામો પ્રત્યે સુરત મહાનગરપાલિકાની પ્રતિબધ્ધતાના પ્રતિકરૂપે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ તા.૦૯–૧૦–૨૦૦૮નાં રોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. ડે. મેયર શ્રીમતિ કૌશીકાબેન દેસાઈ, મા. અધ્યક્ષ શ્રી સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસકપક્ષ ડો.જગદીશભાઈ પટેલ, મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ, શ્રી નીતીનભાઈ ભજીયાવાલા, મા. અધ્યક્ષશ્રી ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતિ વીણાબેન જોષીના વરદહસ્તે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ ઝોનમાં કોસાડ ખાતે ૮૩ એમ. એલ. ડી. તેમજ મોટા વરાછા ખાતે ૧૧ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ ઝોનમાં કોસાડ ખાતે ૮૩ એમ. એલ. ડી. તેમજ મોટા વરાછા ખાતે ૧૧ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ આજ રોજ તા.૦૫–૧૦–૨૦૦૮ રવિવારે સવારે અનુક્રમે ૦૯.૩૦ તેમજ ૧૦.૩૦ કલાકે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ના પ્રમુખપદે તથા મા. અધ્યક્ષશ્રી જીગીશભાઈ દવે, મા. અધ્યક્ષ, ગટરસમિતિના વરદહસ્તે સંપન્ન થઈ.

સુરત શહેરના નવા વિસ્તારોમાં સામાન્ય પ્રજા જનને પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે સુરત મહાનગરપાલિકા કટિબધ્ધ છે.પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરવાના ભાગ રૂપે કોસાડ ખાતે ૨.૦૬ લાખ ની વસ્તીને (વર્ષ ૨૦૪૧) તથા ૩૫૬ હેકટર (કોસાડ, અમરોલી, ઉત્રાણ) વિસ્તારને આવરી લેતા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૮૩ એમ.એલ.ડી. ની ક્ષમતા ધરાવે છે. આ સુએઝ પ્લાન્ટમાં વિવિધ યુનિટો જેવા કે વેટવેલ–૨૪ મી. વ્યાસ, ઈન્લેટ/સ્ક્રીન/ગ્રીટ ચેમ્બર પંપ ૮ નંગ–૪૧૦ એલ.પી.એસ., પંપ ૬ નંગ ૩૫૦ એલ. પી. એસ. મિકેનીકલ સ્ક્રીન–૨ નંગ, (૨૦ એમ.એમ.) મેન્યુઅલ બાર સ્ક્રીન–૧ નંગ, સ્લુઝ ગેટ–૪ નંગ છે. આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂા. ૪૦૬.૫૧ લાખ ના ખર્ચે લગભગ ૧૨ માસના ટુકા સમયમાં સાકાર થશે.આ ઉપરાંત

મોટા વરાછા ખાતે ૮૬ હજારની વસ્તીને (વર્ષ ૨૦૪૧) તથા ૧૭૫ હેકટર (મોટા વરાછા) વિસ્તારને આવરી લેતા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૧૧ એમ.એલ.ડી. ની ક્ષમતા ધરાવે છે. આ સુએઝ પ્લાન્ટમાં વિવિધ યુનિટો જેવા કે વેટવેલ–૯ મી. વ્યાસ, ઈન્લેટ/સ્ક્રીન/ગ્રીટ ચેમ્બર પંપ ૨ નંગ–૪૫,૯૫ એલ.પી.એસપંપ નંગર ૨ ૯૫ એલ.પી.એસ,પંપ ૨નંગ ૬૫ એલ.પી.એસ., પંપ ૨ નંગ ૧૫૦ એલ. પી. એસ. મિકેનીકલ સ્ક્રીન–૧ નંગ,(૨૦ એમ.એમ.) મેન્યુઅલ બાર સ્ક્રીન–૧ નંગ, (૨૦ એમ.એમ.)સ્લુઝ ગેટ–૪ નંગ છે. આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂા. ૧૪૩.૫૩ લાખ ના ખર્ચે લગભગ ૧૨ માસના ટુકા સમયમાં સાકાર થશે.

આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસક પક્ષ ડો.જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, કમિશનરશ્રી, અધિકારીશ્રીઓ / કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૭–૧૦–૨૦૦૮ ના રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા દ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી. સ્કીમ નં ૧ ૮ (કતારગામ) રામજીનગર સોસાયટી સબ પ્લોટ નં. ૬૪ –૬૫ માં ચોથા માળે ગેરકાયદેસર સ્લેબનું આશરે૪૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર ) વસુલ લેવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ), સોનલ સોસાયટી સબ પ્લોટ નં. ૬૧માં ગેરકાયદેસર પ્લીન્થનું આશરે ૫૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર ) વસુલ લેવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ), વિઠ્ઠલનગર સોસાયટી સબ પ્લોટ નં. ૧૫૫માં ચોથા માળે ગેરકાયદેસર સ્લેબનું આશરે ૩૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૧૫૦૦/– (અંકે રૂપિયા પંદરસો ) વસુલ લેવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના તમામ ઝોનમાં વિજયાદશમીના શુભઅવસરે વિકાસલક્ષી કામો પ્રત્યે સુરત મહાનગરપાલિકાની પ્રતિબધ્ધતાના પ્રતિકરૂપે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના તમામ ઝોનમાં વિજયાદશમીના શુભઅવસરે વિકાસલક્ષી કામો પ્રત્યે સુરત મહાનગરપાલિકાની પ્રતિબધ્ધતાના પ્રતિકરૂપે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ તા.૦૯–૧૦–૨૦૦૮નાં રોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. ડે. મેયર શ્રીમતિ કૌશીકાબેન દેસાઈ, મા. અધ્યક્ષ શ્રી સ્થાયી સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસકપક્ષ ડો.જગદીશભાઈ પટેલ, મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ, શ્રી નીતીનભાઈ ભજીયાવાલા, મા. અધ્યક્ષશ્રી ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતિ વીણાબેન જોષીના વરદહસ્તે સંપન્ન થઈ.









કાપોદ્રા ફલાયઓવર બ્રિજથી વાલકનાકા સુધી સી.સી.રોડ રૂા.૨૭૩૩ લાખના ખર્ચે સાકારિત થશે. સદર રોડની લંબાઈ ૪૮૦૦ મીટર પહોળાઈ ૨૨ મીટર રહેશે. આ કામગીરી ૧૫ માસના ટુંકા ગાળામાં પૂર્ણ કરવામાં આવશે.

કતારગામ ફુલપાડા ખાતે વાંચનાલય અને સંકલીત વોર્ડ ઓફીસ આ વિસ્તારના પ્રજાજનોને સમર્પિત કરવામાં આવી. ભોંયતળીયે ૬૪૪ ચો. ફુટ તથા પ્રથમ માળે વાંચનાલય ૬૦૦ ચો. ફુટ વિસ્તારમાં રૂા.૯.૨૦ લાખના ખર્ચે સાકારિત થઈ.

અડાજણ પાટીયા થી પાલ પાટીયા સુધી સી.સી.રોડ રૂા.૧૬૮૫ લાખના ખર્ચે સાકારિત થશે. સદર રોડની લંબાઈ ૩૫૦૦ મીટર પહોળાઈ ૨૨ મીટર રહેશે. આ કામગીરી ૧૫ માસના ટુંકા ગાળામાં પૂર્ણ કરવામાં આવશે.

નાનપુરા પંપીગ સ્ટેશન પાસે રૂા.૪૦ લાખના ખર્ચે સંકલિત વોર્ડ ઓફીસ સાકાર કરવામાં આવશે. ભોંય તળીયુ તથા પ્રથમ માળ મળી કુલ ૫૭૯૦.૩૯ ચો. ફુટ ની આ વોર્ડ ઓફીસ માં પાર્કીગ, ઓફીસ, સ્ટોર રૂમ અને ટોયલેટ બ્લોક પ્રથમ માળે ૨ રૂમ, મીટીંગ હોલ અને ટોયલેટ બ્લોકની સુવીધાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉધના – મગદલ્લા સી. સી. રોડ ખટોદરા સી. એન. જી. ફીલીંગ સ્ટેશન સામેના જંકશનથી સી.ટી. લાઈટ રોડના જંકશન સુધી રૂા.૨૩૦૦ લાખના ખર્ચે સાકારિત થશે. સદર રોડની લંબાઈ ૪૫૦૦ મીટર પહોળાઈ ૨૨ મીટર રહેશે. આ કામગીરી ૧૫ માસના ટુંકા ગાળામાં પૂર્ણ કરવામાં આવશે.

**Continue...**

 

બમરોલી વિસ્તારમાં તુલસીધામ અને જયઅંબે નગરને જોડતા રસ્તા પર ભેદવાડ ખાડી પર રૂા.૨૬૫.૫૪ લાખના ખર્ચે ૧૨ માસના ટૂંકા ગાળામાં બ્રિજ સાકારિત કરવામાં આવશે. આ પુલની લંબાઈ ૧૨૬.૩૦ મીટર, બંન્ને બાજુ અનુક્રમે ૩૦.૬૫ મીટર અને ૭૦.૬૫ મીટર એપ્રોચ રોડ તૈયાર કરવામાં આવશે. સદર પુલની પહોળાઈ ૧૮ મીટર રાખવામાં આવશે. ફુટપાથ તથા સર્વીસ સ્લેબ અનુક્રમે ૧.૨ મીટર તથા ૧.૫ મીટર બંન્ને બાજુ રહેશે. આ પુલ સાકારિત થયેથી આ વિસ્તારની ૧.૫ લાખની વસ્તીને લાભ મળશે. પ્રદુષણ અને ઈંધણ ખર્ચમાં ઘટાડો થશે.

પાંડેસરાથી બમરોલી તરફ જતા જુના દંતોરાનાકા પાસે આવેલ ખાડી પર હયાત પુલની બાજુમાં નવો પુલ રૂા.૧૨૬.૨૭ લાખના ખર્ચે ૧૨ માસના ટૂંકા ગાળામાં બ્રિજ સાકારિત કરવામાં આવશે. આ પુલની લંબાઈ ૮૨.૨૦ મીટર, બંન્ને બાજુ અનુક્રમે ૪૬.૬ મીટર અને ૧૬.૬ મીટર એપ્રોચ રોડ તૈયાર કરવામાં આવશે. સદર પુલની પહોળાઈ ૧૦.૯૦ મીટર રાખવામાં આવશે. ફુટપાથ તથા સર્વીસ સ્લેબ અનુક્રમે ૧.૫ મીટર તથા ૧.૮ મીટર બંન્ને બાજુ રહેશે. આ પુલ સાકારિત થયેથી આ વિસ્તારની ૧.૫ લાખની વસ્તીને લાભ મળશે. પ્રદુષણ અને ઈંધણ ખર્ચમાં ઘટાડો થશે.

લીંબાયત ઝોન ઓફીસ સામે પાર્ટી પ્લોટ રૂા.૧૩.૧૫ લાખના ખર્ચે ૬ માસમાં સાકારિત કરવામાં આવશે. સદર પાર્ટી પ્લોટમાં ૭૧૦.૬૫ ચો.મીટર વિસ્તારમાં ભોંયતળીયા સાથે કીચન અને સ્ટોર રૂમ, ટોયલેટ બ્લોક, તથા પાથવેની સુવિધાનું આયોજન કરવામાં આવેલ છે. આ પાર્ટી પ્લોટ બનવાથી લિંબાયત ઝોન વિસ્તારના નાગરિકોને ધાર્મીક તેમજ સામાજીક પ્રસંગોએ ખુલ્લા પ્લોટની વ્યાજબી ભાવે સુવિધા મળશે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેરમાં વિકાસ લક્ષી કામોનો અભૂતપૂર્વ અભિયાન અંતર્ગત રૂા.૧૪૪૩ કરોડના ખર્ચે ૩૮૨ કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

- પાણી પુરવઠાની વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા માટે રૂા. ૨૩૧ કરોડના પ્રોજેકટ : બે નવા ઈન્ટેકવેલ (હયાત ૭૨૮ **MLD** ઉપરાંત ૬૨૩ **MLD** નુ સ્તોત્ર તૈયાર થશે ) અને ૨ વધારાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ (પાણી શુધ્ધિ કરણની ક્ષમતા ૮૨૮ **MLD** થી વધીને ૧૧૨૮ **MLD** થશે) .
- રૂા. ૮૯ કરોડના ખર્ચે, વરાછા, ઉધના, અઠવા અને રાંદેર – અડાજણમાં પાંચ નવા સિમેન્ટ કોન્ક્રીટ રસ્તાનુ નિર્માણ.
- ચાર નવા એસ.ટી.પી. નો નિર્માણ કરીને ગટરનું ગંદા પાણીનુ શુધ્ધિકરણની ક્ષમતા ૬૦૨ **MLD** થી વધારીને ૭૯૨.૫ **MLD** કરવાનુ આયોજન
- ખાડી પરના બે નવા પુલોનુ નિર્માણ
- આંજણા ખાતે રેલ્વે ઓવર બ્રીજ અને પાર્લે પોઈન્ટ જંકશન ઉપર ફલોય ઓવર બ્રીજનું નિર્માણ.

સુરત મહાનગરપાલિકામાં હદ વિસ્તરણ બાદ સમાવીષ્ટ કરવામાં આવેલ નવા વિસ્તારોને પ્રાથમિક તેમજ અન્ય સુવિધાઓ પુરી પાડવાના કામને અગ્રીમતા આપવામાં આવી છે.

- રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પાણી પુરવઠો વરસાદી ગટર અને ડ્રેનેજ ના રૂા.૩૧૭ કરોડના કામો પ્રગતિ હેઠળ.
- રૂા. ૧૫૦૦ કરોડના કામો નું ભાવિ આયોજન
    - પાલ અને વેસુમાં પાણી પુરવઠાના રૂા. ૨૯ કરોડના કામો પૂર્ણતાના આરે
    - વેસુ અને પાલમાં રૂા. ૪૩ કરોડના ગટરના કામો
    - પૂણા સિમાડા વિસ્તારમાં ગટર અને સ્ટોર્મ ડ્રેનેજ ના રૂા. કામો મંજૂર
    - મોટા વરાછા, ઉત્રાણ, કોસાડ, અમરોલી, છાપરાભાઠા અને વરીયાવને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા હેઠળ આવરી લેવાના કામો શરૂ.

**Continue...**

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરિબોના ઉત્કર્ષ માટે ખાસ પ્રયાસો કરવામાં આવેલ છે. રૂા. ૪૦૦ કરોડના ખર્ચે લગભગ ૩૨૦૦૦ પાકા મકાનોનું નિર્માણ કામ પુરજોશથી પ્રગતિ હેઠળ.નવનિર્મિત મકાનો સાથે કોસાડ અને ભેસ્તાન માં પ્રાથમિક શાળા, આંગણવાડી, કોમ્યુનીટી હોલ અને પ્લે ગ્રાઉન્ડ જેવી સુવિધાનુ આયોજન.

સુરત મહાનગરપાલિકા ધ્વારા પરિવહન ક્ષેત્રે શહેરમાં ટ્રાફીક સમસ્યાને હલ કરવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત નવા રસ્તાઓ અને ડામરના કામો પાછળ અંદાજે રૂા. ૧૦૦ કરોડના કામો મંજૂર.વરાછા અને સેન્ટ્રલ ઝોનમાં પ્રથમ વખત મલ્ટીલેવલ પાર્કિંગનું ભવ્ય આયોજન.કેનાલ રોડનો વિકાસ, ખરવર નગર જંકશન અને આઈ માતા ચોક જંકશન ઉપર બે ફલાય ઓવર સાથે ખચતક પ્રોજેકટનું આયોજન.

સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રજાલક્ષી પ્રકલ્પો અંતર્ગત કતારગામ અને અડાજણમાં નવા કોમ્યુનીટી હોલ.ઉધના, લિંબાયત અને વરાછા વિસ્તારોમાં આંગણવાડી,નાણાંવટ, ગોડાદરા, વડોદ, કોસાડ , પૂણા અને ઉમરા ખાતે નવા આરોગ્ય કેન્દ્ર,અડાજણ ખાતે અદ્યતન પ્રકારનું રમત ગમત સંકુલ. આ સિવાય વિવિધ ઝોનમાં વરિષ્ઠ નાગરિકો માટે શાંતિકુંજ, ફાયર સ્ટેશન, નવા વોર્ડ ઓફિસ, ગાર્ડન, વાંચનાલયનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ કામગીરીની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ પણ લેવામાં આવેલ છે. જેના ફળ સ્વરૂપે વિવિધ રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

નેશનલ એવોર્ડ ફોર ઈ–ર્ગવનન્સ ૨૦૦૭–૦૮, ડીપાર્ટમેન્ટ ઓફ એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મ્સ એન્ડ પી. જી. અને ડીપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા.

બેસ્ટ સીટી બુથ એવોર્ડ, ઈન્ડીયા અર્બન સ્પેશ, ૨૦૦૭, મુંબઈ, મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા.

એવોર્ડ ઓફ એકસેલન્સ ફોર પીક અપ સ્ટેન્ડસ કન્સ્ટ્રકશન ઓન મખફત મોડલ બાય ... ઈન્સ્ટીટયુટ ઓફ ર્અબન ટ્રાન્સપોર્ટ, ઈન્ડીયા ૨૦૦૭.

નેશનલ અર્બન વોટર એવોર્ડ ૨૦૦૮, મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાના વિવિધ એવોર્ડથી મહાનગરપાલિકાની કામગીરી દીપી ઉઠી છે.

આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસક પક્ષ ડો.જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, કમિશનરશ્રી, અધિકારી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

**TOP**